Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# અમદાવાદીઓના સાહસ અને દાનશીલતાથી શરૂ થયેલ શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ

માળી દશરથભાઇ હીરાજી

પીએચ.ડી વિદ્યાર્થી (ઇતિહાસ),ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

## પૂર્વભૂમિકા

અમદાવાદ શહેરની આજુ-બાજુના ગામડાઓમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવવા મોટી માત્રામાં યુવાનો બસ કે રેલ્વે મારફતે અમદાવાદ આવતા, તો ઘણા આર્થિક જરૂરિયાતને કારણે અભ્યાસક્રમ વચ્ચેથી મૂકીને નોકરી ધંધામાં જોડાયા હતા તે પણ વધુ અભ્યાસ કરવા માગતા હતા. આવા સમયે કાંકરિયા મણિનગરના કેટલાક સંવેદનશીલ નાગરિકો કે જેમણે ભગવદ્ ગીતાના કર્મના સિધ્ધાંતને જીવનમાં ચરિતાર્થ કર્યો હતો તે આગળ આવ્યા. 'સર્વોદય' શું છે ? તે પીછાણનારા આ ચિંતનશીલ નાગરિકો યુવાનીમાં આઝાદીના સંગ્રામના લડવૈયા હતા. ગાંધીયુગના અહિંસક સત્યાગ્રહીઓ ગાંધીજીના અગિયાર વ્રતોને જેમણે પોતનાં જીવનમાં ચરિતાર્થ કર્યા હતા એવા એ લોકો હતા. 'ઘસાઇને ઊજળા થવું' એવો રવિશંકર મહારાજનો સંદેશો જેમણે પોતાના જીવનનો મુદ્રાલેખ બનવ્યો હતો એ લોકોએ કાંકરિયા વિસ્તારના વિકાસ માટે યોજવામાં આવેલી યુવા શિબિરોમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

ગાંધીયુગના આ પ્રતિનિધિઓ આઝાદી પછી યુવાની વટાવી ચૂક્યા હતા. પણ તેમના માનસમાં ગાંધી વિચાર સાંગોપાંગ હતો. ગાંધી વિચાર જેટલો આઝાદીના સંગ્રામમાં પ્રસ્તુત હતો કદાચ તેના કરતાં પણ અનેક ગણો આજે પણ પ્રસ્તુત છે. કાંકરિયા મણિનગરના એ જાગૃત નાગરિકોએ અંબુભાઇ છોટુભાઇ પુરાણીના વ્યાયામ સંસ્કારોને જીવનમાં અપનાવ્યા હોવાથી નિયમિત કાંકરિયા વ્યાયામ શાળામાં જતા કે તળાવની પાળે કસરત કરતા અથવા વહેલી સવારે ચાલવા નિકળતા. કસરત અને મોર્નિંગ વૉક પછી કાંકરિયાની પાળ પર બેસીને વિવિધ સાંપ્રત પ્રશ્નોની ચર્ચા પણ કરતા. કયારેક રાજકીય ચર્ચામાંથી વાતાવરણમાં ગર્મી પણ આવી જતી. એવામાં એક દિવસે દક્ષિણ–પૂર્વ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ-શિક્ષણ મેળવવા માટે પડતી હાલાકીઓની ચર્ચા થઈ. અચાનક કોઇએ કૉલેજ કરવાનું સૂચન કર્યું. સૌએ સુવિચાર ગણી ચર્ચા સમાપ્ત કરીને સૌ પોતપોતાના રસ્તે વિખેરાઇ ગયા.

## 'સર્વોદય કેળવણી મંડળ' ટ્રસ્ટની રચના

થોડા-દિવસ પછી ફરી પાછી કૉલેજની ચર્ચા ગંભીરતાથી શરૂ થઈ. કાંકરિયા તળાવની

પાળની ઔપચારિક બેઠકમાં નક્કર સ્વરૂપ આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો અને તે માટે એક મંડળ સ્થાપવાનું નક્કી થયું. આ મંડળના નેજા હેઠળ કૉલેજ સ્થાપવાની દિશામાં નક્કર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. હવે યક્ષ પ્રશ્ન એ આવીને ઊભો રહ્યો કે આ મંડળનું નામ શું આપવું? કોઇએ કહ્યું-'મણિનગર કાંકરિયા કેળવણી મંડળ' નામ આપો, તો કોઇએ કહ્યું-જે દાતા મળે તેના નામનું મંડળ શરૂ કરીએ, તો કોઇએ 'સાર્વજનિક શિક્ષણ સંસ્થા' નામ સુચવ્યું, પરંતુ આ વિચાર કોઇને પણ ગમ્યો નહિ. એવામાં એક વડીલ ઊભા થયા અને કહ્યું- 'આપણે સહુ તો બાપુના માર્ગે ચાલનારા 'સર્વોદયવાદી' છીએ તો કેમ નહિ આ મંડળનું નામ 'સર્વોદય કેળવણી મંડળ' ન રાખીએ?' આમ, ઔપચારિક સભામાંથી 'સર્વોદય કેળવણી મંડળ'નો ઉદભવ થયો. રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિ માટે કૉલેજ સ્થાપવવાનો વિચાર કર્યો અને તે માટેનું એક ટ્રસ્ટ "ટ્રસ્ટીશીપના સિધ્ધાંત " પર રજિસ્ટર કરવામાં આવ્યું.

કાંકરિયાની પાળે મળનારા કાંકરિયા મણિનગરના નિવાસીઓ મૂળમાં તો અમદાવાદના કોટ વિસ્તારમાં વસતા હતા. તેમાંના ઘણા આઝાદી પછી આ વિસ્તારમાં રહેવા આવ્યા તો કેટલાક પચ્ચીસ-ત્રીસ વર્ષથી ત્યાં રહેતા હતા. આ તમામના મૂળિયા અમદાવાદના જીવન-વિકાસ સાથે સંકળાયેલા હતા. તેમના પૂર્વજોએ પણ અમદાવાદના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમાજના જુદા-જુદા વર્ગો અને જ્ઞાતિમાંથી આવતા આ તમામ લોકોનો ઉદેશ એક સંસ્થાની સ્થાપના દ્વારા આવનારી પેઢીઓમાં સંસ્કાર સિંચન કરવાનું હતું. 'ટીમ સ્પિરિટ' એ અમદાવાદની આગવી ઓળખ છે. આવી જ સ્પિરિટ સ્થપાઇ 'સર્વોદય કેળવણી મંડળ'.

**સંસ્થા શરૂ કરવા સામેના પડકારો**

કોઇપણ સંસ્થા સ્થાપવી હોય તો તેના સ્થાપકો પર એ સંસ્થાના ભવિષ્યનો દારોમદાર રહેલો છે. સંસ્થા માત્ર મકાનથી સર્જાતી નથી પણ તેનો ઉદેશ ભવિષ્યની યોજના, તેના સંચાલકો અને આ સંચાલકોની પ્રતિભા મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. ઇંટ, રેતી, ચૂનો, કોંક્રિટ, લોખંડથી આપણે એક ઇમારત બનાવી શકીએ પણ તેને માટે જમીન ક્યાંથી લાવવી ? કોઇએ જમીન દાન આપી તો બાકીના નાણાંની વ્યવસ્થા ક્યાંથી થાય ? એક વખત લોકો પાસે ઉઘરાણું કરીને સંસ્થા સર્જી દીધી તો પછી તેનો વાર્ષિક નિભાવ કેવી રીતે કરી શકાય ? રોજ-બરોજના ખર્ચાઓ, મેન્ટેનસ અને તેના કર્મજાત(ટીચીંગ અને નૉન-ટીચીંગ સ્ટાફ)નો પ્રતિમાસ પગાર કેવી રીતે ચૂકવવો ? તે પણ એક કોયડા રૂપ જ હતું. આવા સંજોગોમાં સર્વોદય કેળવણી મંડળના કાર્યવાહકોએ પોતાનું આગવું મકાન ઊભું કરવાને બદલે તૈયાર મકાન શોધવાનો પ્રારંભ કર્યો. આ સંસ્થા સાથે ઘણા મિલ-માલિકો સંકળાયેલા હતા અને તેમની શાખને કારણે બંધ પડેલી 'સિટી-મિલ'ના વહીવટીદારોએ જગ્યા આપવાની દરખાસ્ત મૂકી.

પ્રાચીન સમયે ભારતમાં નાલંદા, તક્ષશિલા જેવી વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો હતી જ્યાં જ્ઞાન તૃષા સંતોષવા માટે દુનિયા ભરમાંથી જ્ઞાન પિપાસુઓ આવતા હતા. આજે હાર્વડ અને ઑક્સફર્ડ જેવી વિશ્વની ટોચની યુનિવર્સિટીઓ પાસે અઢળક ભંડોળ અને તમામ સગવડો સાથેનું

અત્યાધુનિક મકાન છે. પણ એક બંધ પડેલી મિલના ગોડાઉનમાં કૉલેજ શરૂ કરવાનું સાહસ 'સર્વોદય કેળવણી મંડળ'ના સ્થાપકોએ કર્યું અને તેમને ટેકો આપવા માટે પણ સત્તાધીશો આગળ આવ્યા.

અમદાવાદના પૂર્વ વિસ્તારની આ સર્વ પ્રથમ કૉલેજ હતી. તે સમયે અમદાવાદની લગભગ તમામ કૉલેજો નદી પાર પશ્ચિમ વિસ્તારમાં હતી. અમદાવાદમાં ગુજરાત કૉલેજ, એચ.એલ. કોમર્સ કૉલેજ (૧૯૩૬), એમ.જી. સાયંસ કૉલેજ (૧૯૩૭), એલ.ડી. આર્ટ્સ કૉલેજ (૧૯૩૭), એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ (૧૯૪૮), સેન્ટ જેવિયર્સ કૉલેજ (૧૯૫૫) વગેરે કૉલેજો હતી. શહેરના મધ્યમાં લાલ દરવાજા વિસ્તારમાં 'ગુજરાત લૉ સોસાયટી' ટ્રસ્ટ દ્વારા આધુનિક મકાનમાં 'લૉ કૉલેજ' શરૂ કરવામાં આવી હતી. આ તમામ સંસ્થાઓ પાસે પોતાના સગવડો વાળા આધુનિક મકાનો હતા. એવામાં બંધ પડેલી મિલના ગોડાઉનમાં કૉલેજ શરૂ કરવી એ એક મોટો પડકાર હતો. એ સમયે ગુજરાત યુનિવર્સિટી સાથે કૉલેજનું જોડાણ મેળવવું હોય તો એક લાખ રૂપિયા ડિપોઝીટ ભરવી પડે. વળી સંસ્થાનું ખુદનું મકાન હોવું જોઇએ. સાથે-સાથે મોટું રમત-ગમતનું મેદાન પણ હોવું જોઇએ. પરંતુ 'સર્વોદય કેળવણી મંડળ' પાસે કૉલેજ શરૂ કરવા માટે કોઇ એવું નાણાભંડોળ નહોતું કે તેમાંથી એક લાખ રૂપિયા ડિપોઝીટ ભરી શકાય. વળી મકાન અને મેદાનનું તો સવાલ જ કયાંથી ? આવા સંજોગોમાં સંસ્થાના સ્થાપકોના ઉદેશ અને તેમની નિષ્ઠા જોઇને મુંબઇ સરકારના મુખ્ય મંત્રી અને પ્રખર સર્વોદયવાદી કાર્યકર શ્રી મોરારજી દેસાઇ 'સર્વોદય કેળવણી મંડળ'ની વહારે આવ્યા. તેમની સીધી દરમ્યાનગીરીના કારણે સરકારે પણ સંસ્થાની શરૂઆત માટેના નિયમોમાં બાધછોડ કરવા સહર્ષ સ્વીકારી લીધું. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ હરસિધ્ધભાઇ દિવેટીયાએ ઠરાવ મંજુર કરાવીને એક લાખ રૂપિયાની ડિપોઝીટ માફ કરી દીધી. વળી, ગુજરાત યુનિવર્સિટી દ્વારા કૉલેજની તપાસ માટે જે તપાસ સમિતિ નિમવામાં આવી તેમણે લોકો દ્વારા સ્થાપેલી સંસ્થા જોઇને આશ્ચર્ય અનુભવ્યું. કાંકરિયા મણિનગરના સ્થાનિક નાગરિકોએ સ્વયંભૂ રીતે ફંડ-ફાળો એકત્ર કરીને ઊભી કરેલી સંસ્થા અને તેમનું ટીમ સ્પિરીટ જોઇને ગૌરવ અનુભવ્યું. મુખ્ય ઉદેશ તો કન્યા–કેળવણી અને ગરીબ વિદ્યાર્થીઓના ઉત્કર્ષનો હોવાથી તેમણે નીતિ નિયમોની આંટીઘૂટીઓમાં પડ્યા વિના વિશાળ ગોડાઉનને વર્ગખંડ તરીકે સ્વીકારી લીધો. કાટમાળથી ભરેલા મેદાનને યુવાનો શ્રમ યજ્ઞ દ્વારા રમત-ગમતનું મેદાન બનાવી દેશે તેવી બાંહેધરી સાથે માન્યતા આપી દીધી. કુલપતિ શ્રી હરસિધ્ધભાઇએ પણ સર્વનો ઉદય થાય તેવી શુભ-કામના સાથે કૉલેજને બહાલી આપી અને તેમાંથી 'સર્વોદય આર્ટ્સ કૉલેજ'નો ઉદભવ થયો.

### સિટી મિલના કાટમાળમાં સર્વોદય આર્ટ્સ કોલેજના શરૂઆત

અમદાવાદના જીવનવિકાસમાં એક નવો અધ્યાય રાયપુર દરવાજા બહાર આવેલી સિટી મિલના અવાવરા કમ્પાઉન્ડમાં લખાયો. એ દિવસે સિટી મિલ જાણે નંદનવન બની હોય તેમ નવા રંગ-રૂપ અને શણગારથી સજ્જ થઇ હતી. ચારે બાજુ ધજા પતાકા લહેરાવવામાં આવ્યા હતા. કાટમાળથી ભરેલો મેદાન રમતગમતનું મેદાન બની જવા આવ્યું હતું. ધૂળ ખાતા ગોડાઉન

વર્ગખંડમાં ફેરવાઇ ગયા હતા. સર્વના ઉદય માટે દક્ષિણ-પૂર્વ અમદાવાદમાં આજે કૉલેજનો પ્રારંભ થવાનો હતો. શહેરના અગ્રગણ્ય નાગરિકો, પ્રતિષ્ઠિત આગેવાનો, બુધ્ધિજીવી વર્ગ, વિવિધ કૉલેજોના આચાર્યો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં નાગરિકો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ઉપસ્થિત થયા હતા. 'સર્વોદય કેળવણી મંડળ'ના હોદ્દેદારો તથા સભાસદો અને નાગરિકો સભામંડપની બહાર મુંબઈ રાજ્યના મુખ્ય મંત્રી શ્રી મોરારજી દેસાઇ તથા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી હરસિધ્ધભાઇ દિવેટીયાના સ્વાગત માટે ઊભા હતા. બરાબર ૯ કલાકે બન્ને મહાનુભાવો સભાસ્થળે આવી પહોચ્યા હતા ત્યારે હર્ષનાદ વચ્ચે સૂતરની આંટીથી અભિવાદન કરવામાં આવ્યું. સૌ સભાસ્થળે ગોઠવાયા અને બહેનો દ્વારા સરસ્વતી વંદનાથી કાર્યક્રમનો શુભારંભ થયો. પ્રથમ મંગલપ્રારંભ માટે દીપ પ્રાગટ્ય વિધિ થઈ ને ત્યારબાદ સર્વોદય કેળવણી મંડળના પ્રમુખ નાનુભાઇ દેસાઇએ ટૂંકુ પ્રવચન કર્યું તેમના પ્રવચનમાં કેવા સંજોગોમાં સંસ્થાની શરૂઆત કરવામાં આવી તેનો સાર આવી જતો હોવાથી અત્રે આપણે એ જોઇએ- "અમદાવાદ શહેરમાં દિનપ્રતિદિન વસ્તી વધી રહી છે. ને તેની સાથોસાથ ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ વધારવાની આવશ્યકતા પણ ઊભી થતી જાય છે. આપણા શહેરની મોટા ભાગની ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ શહેરના પશ્ચિમ ભાગમાં શહેરથી ઘણે દૂરના સ્થાને સ્થાપિત થયેલી છે. શહેરના દક્ષિણ અને પૂર્વ ભાગમાં વસતાં તેમજ તે તરફનાં ગામડાઓમાંથી આવતાં વિદ્યાપિપાસુ યુવકયુવતીઓને તે વિદ્યાસંસ્થાઓ બહુ જ દૂર પડે છે. ને તેથી તેમને વિદ્યાભ્યાસ અર્થે આવી સંસ્થાઓમાં જવા આવવા માટે દરરોજ ૧૩-૧૪ માઇલની સાયકલ પર મુસાફરી કરવી પડે છે; અથવા તો દરરોજ બે કલાક જેટલો સમય બગાડ્યા ઉપરાંત રોજના ૮ થી ૧૨ આના બસ ભાડાના ખર્ચવા પડે છે. એક કુટુંબમાંથી બે-ત્રણ વિદ્યાર્થીઓને આ રીતે ભણવા જવાનું હોય તો મહિને ૫૦-૬૦ રૂપિયા બસભાડાના જ થાય! મધ્યમવર્ગ માટે આ આર્થિક બોજો અસહ જ ગણાય. વિદ્યાર્થીની તંદુરસ્તી માટે પણ આ વ્યવસ્થા વિઘાતક જ લેખવી જોઇએ. તેઓ નથી સમયસર ભોજન લઈ સકતા કે બસમાં થતી ભીડને પરિણામે નથી સમયસર વર્ગોમાં હાજરી આપી શકતા ! ને પરિણામે ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ પણ પરીક્ષામાં સારૂં પરિણામ લાવી શકતા નથી. તે અવારનવાર માંદગીનો ભોગ બને છે.

આપણા શહેરના દક્ષિણ તેમજ પૂર્વ ભાગમાં વસતા વિદ્યાર્થીવર્ગની ઉપર્યુક્ત મુશ્કેલીઓનું નિવારણ કરવા ને મધ્યમવર્ગના તેમજ ગરીબ કુટુંબના વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે ઉચ્ચ શિક્ષણ સુલભ બનાવવાના શુભ હેતુથી પ્રેરાઇને શ્રી સર્વોદય કેળવણી મંડળે આ સ્થળે હાલ તુરંત એક ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

અમારો આ નિર્ણય હું જરા સ્પષ્ટ રીતે કહું તો એક પ્રકારનું સાહસ હતું. ને છે. કોઇપણ સંસ્થાની સ્થાપનાનો નિર્ણય કરવાથી કંઈ તે સંસ્થાની સ્થાપના થઈ જતી નથી. એ માટે સૌથી પ્રથમ નાણાંની જરૂર પડે છે. અમારી પાસે નાણાંનું કશું જ ભંડોળ નહોતું. દરેક કૉલેજ સાથે કોઈ દાતાનું નામ સંકળાયેલું હોય છે. કારણ કે તે કૉલેજને દાતા તરફથી સધ્ધર આર્થિક સહાય મળેલી હોય છે. અમારી કૉલેજ સાચા અર્થમાં લોકોની-જનતાની સંસ્થા છે. મણિનગર અને તેની

આસપાસના વિસ્તારમાં વસતા સામાન્ય સ્થિતિના લોકોએ પોતાનાથી બને તેટલી ને તેવી નાની મોટી આર્થિક સહાય આ સંસ્થાની સ્થાપનામાં કરી છે. આ રીતે કૉલેજ સ્થાપી શકાય તે વિશે ઘણાના મનમાં ભારે શંકાઓ હતી, ને આજે પણ છે. પરંતુ અમે તો હિંમતથી આ કામ શરૂ કર્યૂ છે. મને શ્રધ્ધા છે કે અમારૂં આ સાહસ સફળતાને વર્શે જ ; કારણ અમે નિષ્ઠાપુર્વક આ સંસ્થાને સ્થાપવા ને સમૃધ્ધ બનાવવા અમારાથી શક્ય તેટલા ઉતમોતમ પ્રયત્નો કર્યા છે."[1]

નાનુભાઇના માનનીય પ્રવચન પછી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હરસિધ્ધભાઇ દિવેટીયાને પ્રસંગોચિત પ્રવચન માટે નિમંત્રણ આપવામાં આવ્યું. આ પ્રસંગે હરસિધ્ધભાઇએ ટૂંકું પણ માનનીય પ્રવચન આપ્યું. તેમણે બંધ પડેલી મિલના ગોડાઉનમાં કૉલેજ શરૂ કરવાનો પ્રસ્તાવ સાંભળીને જ આશ્ચર્ય અનુભવ્યું હતું અને જણાવ્યું કે-

> "જ્યારે સ્થાનિક તપાસ સમિતિએ સ્થળ મુલાકાત લીધી ત્યારે ઘણીબધી ખોટ વર્તાતી હતી પણ સમર્પિત કાર્યવાહકોએ તે થોડા દિવસોમાં જ તે તમામ જરૂરિયાતો પૂર્ણ કરી દીધી અને મોરારજીભાઇની ભલામણ હતી કે કન્યા કેળવણી માટે આ કૉલેજ શરૂ થઈ રહી છે ત્યારે આપણે શક્ય એટલી મદદ કરીશું. ગુજરાત યુનિવર્સિટીના તમામ સત્તાવાળાઓએ આ કૉલેજની સ્થાપના માટે શક્ય તેટલું મદદ કરવાનો પ્રયાસ કર્યો છે અને એક લાખ રૂપિયાની ડિપોઝીટ પણ અમે જતી કરી છે. તમામ નાગરિકો એક સાથે રાષ્ટ્ર ઉત્થાન માટે જો શૈક્ષણિક સંસ્થા સ્થાપતા હોય તો અમારે નીતિ નિયમોની જડતા દર્શાવવી નહિ. હું આશા રાખું છું કે આગામી વર્ષોમાં આ કૉલેજ પોતાના વિદ્યાર્થીઓ રાષ્ટ્ર ઘડતરમાં ભૂમિકા ભજવશે."[2]

હરસિધ્ધભાઇ દિવેટીયાના વકતવ્ય પછી મોરારજીભાઇએ ખુબ જ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું. સર્વોદયને પોતાના જીવનમાં ઉતારનાર મોરારજીભાઇએ 'સર્વોદય' કૉલેજના ઉદઘાટન પ્રસંગે આપેલ વક્તવ્ય પ્રસ્તુત હોવાથી તે અત્રે ટાંકી શકાય.

> "તમારી કૉલેજનું ઉદઘાટન કરીને તમારા સાહસમાં હું પણ ભાગીદાર બન્યો છું. એટલે એમાં કોઇ દોષ ઊભો થશે તો હું પણ એમાંથી બચી નહિ શકુ. જો કે આપણે યાદ રાખવું જોઇએ કે સાહસ વગર માણસ આગળ વધી શકતો નથી. તમે જે સાહસ ઊઠાવ્યું છે તેમાં ચીવટ અને શુભનિષ્ઠા રાખશો તો તમે પાર પડશો. કૉલેજને માન્યતા આપવા માટે એક લાખ રૂપિયાની ડિપોઝીટ મૂકવાની વાત હિતાવહ છે એમ મને નથી લાગતું. જો શિક્ષણ સંસ્થા બરાબર ચાલતી હોય, પ્રાધ્યાપકો સંતોષથી કામ કરતા હોય તો તેના ભંડોળ, મકાન વગેરે પ્રશ્નોને મહત્વ આપવું ન જોઇએ. મકાન સુંદર ન પણ હોય, તે મજબુત હોય, હવા ઊજાસવાળું હોય, તેમાં વિધાભ્યાને અનુકૂળ વાતાવરણ હોય એ જરૂરી છે. પણ કેળવણીનો આધાર મકાન ઉપર નથી. વિદ્યાના વિકાસનો આધાર વિદ્યાર્થીની જિજ્ઞાસા અને પ્રાધ્યાપકની જ્ઞાન આપવાની પધ્ધતિ ઉપર રહેલો છે એમ મારું માનવું છે. શિક્ષણને રસિક અને જીવનલક્ષી કરી વિદ્યાર્થીની જિજ્ઞાસા ઉતેજવાની

ફરજ અધ્યાપકની છે. તેથી અધ્યાપકની પસદંગી કરતી વખતે તેની જ્ઞાન પ્રાપ્તિ ઉપરાંત તેનું ચારિત્ર્ય, વ્યક્તિત્વ, તેનો અનુભવ, તેની શિક્ષણ આપવાની રીત, તેની શિસ્ત વ્યવસ્થા વગેરે વિષયક ભાવનાઓ ઇત્યાદિ બાબતોને લક્ષમાં લેવી જોઇએ. તેથી કહું છું કે જે સંસ્થા કૉલેજ કાઢે છે. તેની શક્તિ કેટલી છે. તેના સંચાલકો તેને નિભાવવા કેટલા કૃતનિશ્ચ્યી છે. તેઓ કેટલા નિષ્ઠાવાન અને પ્રામાણિક છે એ વિષે યુનિવર્સિટીએ વધારે લક્ષ આપવું જોઇએ."[3]

ઉદઘાટન સમારોહના પાંચ દિવસ પછી સર્વોદય કૉલેજમાં ખરા અર્થમાં "શારદોપાસના" શરૂ થઈ. મંગળ પ્રારંભે સુપ્રસિધ્ધ ભક્ત કવિ ત્રિભુવનદાસ પુરુષોતમદાસ લુહાર(સુંદરમ)ના મંગલ પ્રવચનથી શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. સર્વોદય કેળવણી મંડળના કાર્યવાહકોની દીર્ઘદ્રષ્ટિ કેવી હતી કે તેમણે સુંદરમને મંગલ પ્રારંભે નિમંત્ર્યા. સુંદરમનો પણ આ તમામ સાથે વર્ષો જૂનો પરિચય હતો તેથી તેમણે એ નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો. સુંદરમના અંતર્બોલ:-

"તમારી વિદ્યોપાસનાના પ્રારંભ દિને મંગળ પ્રવચન આપતા મને આનંદ થાય છે. આ સ્થળે જયાં એક કાળે લક્ષ્મીની આરાધના થતી હતી. ત્યાં આજે ભગવતી સરસ્વતીની પ્રાણપ્રતિષ્ઠા શરૂ થાય છે. તમારો વિદ્યાભ્યાસ આરંભો તે પૂર્વે હમણાં જ ગૌતમ બુધ્ધની પ્રતિમા સમક્ષ પ્રાર્થના કરી, તમે કૉલેજના વાતાવરણ અને રૂઢિમાં મહત્વનો ફેરફાર નોંધાવ્યો છે. મને શ્રધ્ધા છે કે આ કૉલેજના શાંત અને નિર્મળ વાતાવરણમાં તમે સુંદર વિદ્યાભ્યાસ કરી શકશો... કોઇ એક સાંકડી, અંધકારભરી ગલીમાંથી પસાર થતી વ્યક્તિની નજરે એકાએક વિશાળ હરિયાળું મેદાન પડે, કે સમુજ્જ્વળ ઉછળતો સાગર તેની નજરે ચઢે અને જેવો આનંદ તેને થાય તેવો આનંદ વિદ્યાપીઠમાં પ્રવેશતાં મને થયો હતો . ત્યારે મારી નજર સમક્ષના બંધ બારણાં ખૂલ્યાં અને મંગળપ્રયાણના નવા રાહ મારે માટે મોકળા થયા. વિદ્યાપીઠના સમૃધ્ધ ગ્રંથાગારે જ્ઞાનનાં નવાં શિખરો અને સાધનાની નવી કેડીઓ મને ચીધી. પૉંડિચેરી પાસે દરિયાને સૌ પ્રથમ નિહાળતાં મારી નાની દીકરી એકાએક બોલી ઊઠી હતી. 'કેટલું બધું પાણી!' આપણી દરેકની આંતરિક ચેતના વિશાળતા ઝંખે છે. આજે આવા અસીમ-અમર્યાદ વિકાસ માટેની શક્યતા તમારે માટે પ્રગટી રહી છે. તે શક્યતાનો તમે પૂરેપૂરો લાભ ઊઠાવો અને તમારી સર્વોદય પંથે પળો એવી પ્રભુ સમક્ષ મારી યાચના છે."[4]

એંશી[5] જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનોથી શરૂ થયેલ આ કૉલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓ નિમ્ન મધ્યમ વર્ગમાંથી આવતા હતા. ઘણા વિદ્યાર્થીઓની ફી ભરવાની પણ આર્થિક સ્થિતી ન હતી તેવા સમયે 'શંકરલલ મથુરભાઇ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા ૩૦ જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનોની ફીની રકમ ચૂકવવામાં આવી હતી[6] અને આવી દાનની પરંપરા તેમણે આગળ પણ ચાલુ રાખી હતી. કૉલેજના પ્રથમ આચાર્ય પ્રેમશંકર ભટ્ટ ભાવનગરની સુપ્રસિધ્ધ શામળદાસ કૉલેજના વિદ્યાર્થી હતા.[7] તેઓ ગુજરાતના જાણીતા કવિ અને કેળવણીકાર હોવાની સાથે સાથે કડક શિસ્તના આગ્રહી હતા. તેથી સાત વાગે કૉલેજનો પ્રારંભ થાય તેના અડધો કલાક પહેલાં

એટલે કે સવારના સાડા છ વાગે પ્રેમશંકર ભટ્ટ સિટી મિલ કમ્પાઉન્ડમાં રાઉન્ડ લેતા. તેઓ વિદ્યાર્થીઓની ગેર શિસ્ત ચલાવતા નહિ તેમણે પોતાની એક આગવી ટીમ ઊભી કરી હતી.

કાંતિભાઇની મુલાકાત લેતા તેમણે જણાવ્યું હતું કે સિટી મિલ કમ્પાઉન્ડમાં તેમણે તેમના વિદ્યાર્થીઓની મદદથી રમતનું મેદાન તૈયાર કર્યો અને ત્યાં જ નિયમિત કસરત કરતા. એન.સી.સી.ની કેવી રીતે કવાયત કરતા હતા તે જણાવ્યું હતું. સર્વોદય કૉલેજ એકાદ વર્ષ પછી બંધ થવાની સ્થિતી પર પહોચી ત્યારે અધ્યાપકોમાં જે ચિંતાનું મોજું ફરી વળ્યું તેનું આબેહુબ વર્ણન પણ તેમણે કર્યું હતું. ઇ.સ.૧૯૦૭માં જન્મેલા મુક્તજીવન સ્વામિબાપાને ૧૯૫૭માં ૫૦ વર્ષ પૂર્ણ થતા સ્વામિબાપાની સુવર્ણ તુલા થઈ. આ સુવર્ણને મંદિર કે ધાર્મિક કાર્યોમાં વાપરવાને બદલે દેશ માટે કેળવણીમાં વાપરવાનું સ્વામિબાપાએ જાહેર કર્યું[8] અને આવા જ સમયે સર્વોદય કેળવણી મંડળના સભ્યોએ સ્વમિબાપાને પોતાને કૉલેજ ચલાવવા પડતી આર્થિક મુશ્કેલીઓ જણાવી અને સ્વામિબાપાએ તરત જ પ્રશ્ન કર્યો કે કાયમ માટે સમસ્યાનું સમાધાન જોઇએ છે ? ‘ભાવતું હતું ને વૈદે કહ્યું’ની કહેવત પ્રમાણે સર્વોદય કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ સ્વામિબાપાને આ સંસ્થાનું સંચાલન સોપવાનું નક્કી કર્યું. છેવટે સ્વામિબાપાએ આ કૉલેજને ચલાવવાનો નિર્ણય કર્યો ત્યારે સૌએ હાશકારો અનુભવ્યો. એપ્રિલ ૧૯૫૮માં ટાઉનહોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વામિબાપાને વિધિવત રીતે સર્વોદય કૉલેજનો હવાલો સોપવામાં આવ્યો[9] તે પ્રસંગે આપેલા પ્રવચનના આછા સંભારણા કાંતિભાઇને યાદ હતા. ‘નવી કૉલેજનું નામ ‘સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ’ નક્કી થયું અને તે માટેની જમીનની શોધખોળ કેવી રીતે થઈ તેની યાદ તાજી કરી હતી. છેવટે મધ્યમવર્ગીય વિસ્તારમાં કૉલેજ સ્થાપવાનો નિર્ણય કર્યો અને એક દિવસ ખુદ સ્વામિબાપા આ જમીન જોવા ગયા હતા. તે સમયે પ્રેમશંકર ભટ્ટ સાથે કેટલાક પ્રોફેસરો, અગ્રણી સત્સંગીઓ તથા ‘સર્વોદય કેળવણી મંડળ’ના સભ્યો સાથે ખુદ કાંતિભાઇ પણ ગયા હતા. કૉલેજની આસ-પાસ ઉજ્જડ મેદાન હતું. ઢોર-બજારના ટેકરા, શાહ-આલમ દરવાજો અને ગીતા મંદિરનો ટાવર દેખાતા હતા. સ્વામિબાપા સહિત સૌને જગ્યા પસંદ પડી અને તેના જમીન માલિક જ્ઞાન યજ્ઞના ઉમદા હેતુ મટે એક ધર્માચાર્ય પહેલ કરી રહ્યા છે તે જોઇને ખૂબ જ રાજી થયા. તેમણે પણ જ્ઞાન યજ્ઞમાં જોડાવવાની ઇચ્છા વ્યકત કરી અને સ્વામિબાપા જે કંઇ પણ પ્રસાદી સ્વરૂપે જમીનની કિંમત કહેશે તે સ્વીકારવાની ખાત્રી આપી. આમ જમીનનો પ્રશ્ન ઉકેલાયો અને પછી સ્વામિનારાયણ કૉલેજનું સ્વપ્ન સાકાર થયું. તે દરમ્યાન સિટી મિલ કમ્પાઉન્ડમાં જ આ કૉલેજ ચાલુ રહી અને નવ-નિર્મિત બિલ્ડિંગના ઉદઘાટન પછી અમે શૈક્ષણિક સત્રનો પ્રારંભ કર્યો. વૈજ્ઞાનિક ઢબે તૈયાર થયેલ આધુનિક ઇમારત દીર્ઘદ્રષ્ટા સ્વામિબાપાનું સૂચન હતું. હવા ઉજાસ વાળા વર્ગો, સારામાં સારૂ રાચરચીલું અને બેન્ચો જોઇ વિદ્યાર્થીઓ સહિત કૉલેજનો શૈક્ષણિક અને બિનશિક્ષણિક સ્ટાફ આનંદિત થતો હતો. સર્વોદય કૉલેજના આચાર્ય પ્રેમશંકર ભટ્ટની સલાહથી સ્વામિબાપાએ અધ્યાપકો માટે સમાન્ય ખંડ ઉપરાંત જુદા-જુદા વિષયના અધ્યાપકો માટે અલાયદા ખંડની સગવડ કરી હતી. શરૂઆતમાં તો આ બધું અજાયબી ભર્યું લાગતું અને ધીમે ધીમે નવી ઇમારતના માહોલમાં અમે ગોઠવાઇ ગયા. કેટલાક તોફાની

છોકરા ઇરાદા પૂર્વક તોફાન માટે જ કૉલેજમાં પ્રવેશ લેતા પરંતુ તેમને કૉલેજના વતાવરણનો એવો રંગ લાગતો કે એમનું જીવન જ બદલાઇ જતું.'[10]

**સમાપન**

એક વિચાર બીજમાંથી શરૂ થયેલ 'સર્વોદય આર્ટ્સ કૉલેજ' જે પાછળથી 'શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ' તરીકે વિશ્વવિખ્યાત થઇ. તેની સ્થાપનાના ૬૨ વર્ષ પૂર્ણ કરી અમૃત-મહોત્સવ તરફ આગળ વધી રહી છે. કોઇપણ સંસ્થા તેની ઇમારતથી નહિ પણ તેના વિદ્યાર્થીઓથી જ ઓળખાતી હોય છે. એક બંધ પડેલી મિલના ગોડાઉનમાં શરૂ થયેલ કૉલેજ નવું માનાવિધાન પામ્યા પછી પણ એ સર્વોદયની ભાવનાને કેંદ્રમાં રાખી પૂર્વ અમદાવાદના મધ્યમવર્ગીય વિસ્તારમાં વિશાળ ઇમારતમાં આગળ વધી રહી છે. આ ઇમારતની એક-એક ઇંટ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાના આદ્ય-સ્થાપક મુક્તજીવન સ્વામિબાપાની સર્વોદયની ભાવનાને સાક્ષી પુરે છે. સ્થાપકનો ઉદેશ અને તેની નિષ્ઠા જોઇને એવા સર્વોદયવાદી દાતાઓ પણ હર-હંમેશા છેલ્લી ઘડીએ મદદરૂપ થતા હોય છે. મજૂરગામ, શાહ-આલમ અને કાંકરિયા વચ્ચે જમીન પસંદગી થઈ અને જમીન માલિકે નજીવી કિંમતે વિદ્યાધામના સર્જન માટે સ્વામિબાપાનો બોલ સ્વીકારીને અને ટોકન કિંમતે પોતાની અમૂલ્ય જમીન ચરણે ધરી. આમ, શિખરબધ્ધ મંદિર રચવાને બદલે શારદા મંદિર રચવાનો સ્વામિબાપાનો નિર્ધાર પૂર્ણ થયો. અને આ મહાવિદ્યાલયનો લોકાપર્ણ તા.૨૧મી માર્ચ ૧૯૬૧ના રોજ મહાન કેળવણીકાર સર્વપલ્લી રાધાકૃષ્ણનના હસ્તે થયું હતું. અત્યારે આ સંસ્થાને શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણીનગરના વર્તમાન આચાર્ય સ્વામીશ્રી પુરૂષોતમપ્રિયદાસજી આગળ ધપાવી રહ્યા છે.

<u>પાદનોંધ</u>

1. કાન્તિલાલ આચાર્ય તથા અન્ય (સંપાદક મંડળ) સર્વોદય, સર્વોદય કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, વાર્ષિક અહેવાલ 1956-57
2. 'ગુજરાત સમાચાર', અમદાવાદ, તા.16-06-1956 પૃ.12
3. કાન્તિલાલ આચાર્ય તથા અન્ય (સંપાદક મંડળ) પૃ.14.
4. એજન, પૃ.15
5. સર્વોદય કૉલેજના જનરલ રજીસ્ટરના આધારે
6. કાન્તિલાલ આચાર્ય તથા અન્ય (સંપાદક મંડળ) પૃ.12
7. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય પ્રેમશંકર ભટ્ટના પુત્ર ગૌરાંગ ભટ્ટની રૂબરૂ મુલાકાતને આધારે
8. પુરુષોતમ પ્રિયદાસજી સ્વામી શ્રી મુક્તજીવન સ્વામીબાપા લીલામૃત સુખસાગર (ત્રીજો ભાગ) મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, અમદાવાદ. (દ્વિતીય આવૃત્તિ), 2013
9. તૃતીય વાર્ષિક રસોત્સવની પત્રિકા, શ્રી સર્વોદય કેળવણી મંડળ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. તા.8-1-1959
10. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કાંતિભાઇ આચાર્યની રૂબરૂ મુલાકાતને આધારે